


# ઉત્સવ પોષી પૂનમનો
# જીવનસમર્પણનો, ગુણાતીતભાવ પામવાનો !

## શ્રી પોષીપૂર્ણિમા ઉત્સવ

શ્રી પોષીપૂર્ણિમાનો મહામંગલકારી દિવસ સદાયની જેમ આ વર્ષે પણ અનેરો આનંદ અને દિવ્યતા લઈને ઉદય પામ્યો. શ્રી ગુણાતીતાનંદ સ્વામી દીક્ષાતિથિ, અનુપમી સંતોનો વ્રતધારણ દિન અને તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીના નૂતન મંદિરજીમાં બિરાજમાન મૂર્તિઓનો છઠ્ઠો પાટોત્સવ-આમ આ ત્રિવેણી સંગમના મહાપર્વે દૂરદૂરથી ભક્તો પધાર્યા. બ્રહ્મજ્યોતિની શોભા અનેક પ્રકારનાં સુશોભન અને સંતોનાં હૈયે ભરેલા ભાવથી વધુ રમ્ય બની. સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતોની દિવ્ય નિશ્રાને માણવા સૌ આતુર હતાં અને તેનો આનંદ સર્વત્ર રેલાઈ રહ્યો હતો. ◆

## પાટોત્સવ પૂજન

૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સર્વપ્રથમ મંદિરજીમાં શ્રી ઠાકોરજી સમક્ષ સૌએ અડધો કલાક શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી ઉત્સવનો આરંભ કર્યો. સંતભગવંત સાહેબજી નિજ મંદિરે પધાર્યા ત્યારે સૌએ ભાવથી તેઓને આવકાર્યા. સાધુ પૂ. અશોકદાસજી અને પૂ. ઉત્પલદાસજીએ પાટોત્સવ પૂજનવિધિના આરંભ કરાવ્યા.

નિજ મંદિરમાં બિરાજિત શ્રી સહજાનંદ સ્વામી, શ્રી ગુણાતીતાનંદ સ્વામી, શ્રી ગોપાળાનંદ સ્વામી, શ્રી શાસ્ત્રીજી મહારાજ, શ્રી યોગીજી મહારાજ, શ્રી હનુમાનજી દેવ, શ્રી ગણપતિજી દેવની મૂર્તિઓનાં પાટોત્સવ પૂજન અનુક્રમે સંતભગવંત સાહેબજી, સદ્ગુરુ સાધુ પૂ.


પાટોત્સવ પૂજનવિધિ પ્રસંગે સાહેબજીનાં આશીર્દાન


સંતભગવંત સાહેબજી દ્વારા પાટોત્સવ આરતી અર્પણ

અશ્વિનદાદા, પૂ. દિનકરભાઈ, પૂ. મનોજદાસજી, પૂ. રતિકાકા, સાધુ પૂ. ઉમેશદાસજી તથા પૂ. જયેશદાસજીએ કર્યાં.





શ્રી ગુણાતીત દીક્ષાદિને સંતો દ્વારા પૂજન-પુષ્પહાર અર્પણ

'અક્ષરમહોલ'માં બિરાજમાન શ્રી સહજાનંદ સ્વામી, શ્રી ગુણાતીતાનંદ સ્વામી, શ્રી ગોપાળાનંદ સ્વામી, શ્રી ભગતજી મહારાજ, શ્રી સંતભગવંત સાહેબજી, શ્રી જાગા સ્વામી અને શ્રી કાકાશ્રી, શ્રી કૃષ્ણજી અદા અને શ્રી પપ્પાજી, શ્રી શાસ્ત્રીજી મહારાજ અને શ્રી હરિપ્રસાદ સ્વામીજી, શ્રી યોગીજી મહારાજ અને શ્રી અક્ષરવિહારી સ્વામીજીની મૂર્તિઓનાં પાટોત્સવ પૂજન અનુક્રમે સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદા, પૂ. ભરતભાઈ (પવઈ), સાધુ પૂ. દિલીપદાસજી, શ્રી રુદ્રાંશજી મહારાજ, સાધુ પૂ. વાસુદેવદાસજી, પૂ. રમેશદાસજી-દયાળુ, પૂ. રમેશદાસજી-ઝા, પૂ. સતીશદાસજી, પૂ. હરસુખદાસજીએ કર્યાં.

નિજ મંદિરજીમાં ઉપસ્થિત ભાઈઓ અને 'અક્ષરમહોલ'માં ઉપસ્થિત બહેનો આ દિવ્ય વિધિનાં સાક્ષી બની ધન્ય થયાં. સંતોએ અત્યંત ભક્તિભાવે પાટોત્સવ વિધિ સંપન્ન કરી ત્યારે સૌને દિવ્ય તેજ અને દિવ્ય સ્પંદનોના અનુભવ થયા.

ત્યારબાદ શ્રી ઠાકોરજીના શણગાર કરવામાં આવ્યા તે દરમિયાન કીર્તનગાન થયાં અને સંતભગવંત સાહેબજીએ આશીર્વાદમાં પાટોત્સવ વિધિનો આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક મહિમા સમજાવ્યો તેમજ નૂતન મંદિરજીના નિર્માણનો ઈતિહાસ વર્ણવી પ્રભુની મૂર્તિ અને મંત્રની શક્તિની સુંદર સમજ આપી.

શણગાર થઈ ગયા ને દ્વારપટલ ઉઘડ્યા ત્યારે સૂરવૃંદે છડી પોકારી. અપાર રમણીય દર્શને સૌ ભાવવિભોર થયાં. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોએ પાટોત્સવની આરતી અર્પણ કરી. શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષા હીરક જયંતીના આ દિવ્ય વર્ષની સ્મૃતિરૂપે સ્થાનિક મંડળના ભક્તોએ પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ માટે ૬૦ વાનગીઓ તૈયાર કરીને શ્રી ઠાકોરજીને ભક્તિભાવે અર્પણ કરી. ◆

## વ્રતધારણ વિધિ અને માહાત્મ્યદર્શન સભા

પાટોત્સવ પૂજનવિધિ સંપન્ન કરી સૌ 'વર્ણીકુંજ'માં સભામંડપમાં પધાર્યાં અને શ્રી ગુણાતીત દીક્ષાદિન અને અનુપમી સંતોની વ્રતધારણ વિધિ નિમિત્તે યોજેલ સભામાં સૌ જોડાયાં. આ પ્રસંગે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની ઉપસ્થિતિમાં હરિધામથી પૂ. નિર્મળસ્વામી અને સંતો, સાંકરદાથી પૂ. બાપુ સ્વામી અને સંતો, શિકાગોથી પૂ. દિનકરભાઈ, પવઈથી પૂ. ભરતભાઈ અને સંતો, ગુણાતીત જ્યોતથી સંત બહેનો અને સંત ભાઈઓ, ભચાઉથી શ્રી રુદ્રાંશજી મહારાજ, ઈંગ્લૅન્ડથી શ્રી શૌનક ઋષિજી, અનુપમ મિશન ઈન્ટરનેશનલ કમિટીના પ્રમુખશ્રી પૂ. સતીશભાઈ ચતવાણી (ઈંગ્લૅન્ડ), અનુપમ મિશન, યુ.એસ.એ.ના પ્રમુખ પૂ. ડૉ. જિતુભાઈ આદિ સંતો-ભક્તોની સંનિધિ પ્રાપ્ત થઈ. દેશ- વિદેશના ભક્તોની હાજરીમાં આ



દીક્ષાર્થી સંતોની સ્વાગત-શોભાયાત્રા



દીક્ષાર્થી સંતોની અનુપમ વ્રતધારણ વિધિનાં દિવ્ય દર્શન

ઉત્સવસભા અપાર મહિમા સાથે યોજાઈ. સભા પ્રારંભે નૂતન વ્રતધારણ કરનાર ૧૬ દીક્ષાર્થી સંતોની ભવ્ય સ્વાગત શોભાયાત્રા યોજાઈ. સ્વાગતપથ પર યુવાઓએ ધ્વજ લહેરાવી તથા પુષ્પવર્ષા કરી તેઓનાં સ્વાગત કર્યાં. સૌ દીક્ષાર્થીઓ મંચ પર પધાર્યા અને સંતભગવંત સાહેબજીને દંડવત્ પ્રણામ કરી સ્વસ્થાને બિરાજ્યા. આ પાવન પ્રસંગે શ્રી ઠાકોરજી, શ્રી ગુણાતીતાનંદ સ્વામી અને સંતભગવંત સાહેબજી સહિત સૌ મંચસ્થ સંતો અને મહાનુભાવોનાં પૂજન કરી, પુષ્પહાર અર્પણ કરી સ્વાગત-અભિવાદન કરાયાં.



સંતો દ્વારા સંતભગવંત સાહેબજીને પુષ્પહાર અર્પણ

ત્યારબાદ સાધુ પૂ. અશોકદાસજી અને પૂ. ઉત્પલદાસજીના આચાર્યપદે દીક્ષાર્થીઓની વ્રતધારણવિધિનો આરંભ થયો, જેમાં સૌ પ્રથમ દીક્ષાર્થી સંતોએ સંકલ્પ લીધા અને તેની પૂર્તિ માટે સૌએ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી.

પૂ. ડૉ. સરજુદાસ (M.B.B.S.), પૂ. હાર્દિકદાસ (M.E.-Structure), પૂ. હરમિતદાસ (B.E.-Civil), પૂ. ગૌરવદાસ (B.E.- Civil), પૂ. તુષારદાસ (M.A.-Sanskrit), પૂ. શિલ્પદાસ (M.Sc.-Chemistry), પૂ. જયદાસ (B.Com.), પૂ. ચંદ્રેશદાસ (B.Com.), પૂ. સ્મિતદાસ (B.S.W.), પૂ. દીપદાસ (ITI-ઈલેક્ટ્રિકલ), પૂ. રોનકદાસ (સિવિલ), પૂ. સૌમ્યદાસ (B.Com.), પૂ. કીર્તનદાસ (પૂજારીશ્રી) એમ ૧૩ દીક્ષાર્થી સંતોને આકાશી વસ્ત્રની સેવક સાધુની ભાગવતી દીક્ષા તથા પૂ. મહર્ષિદાસ (M.D.), પૂ. થોભણદાસ (B.Ed.), પૂ. મહેશદાસને (ઉદ્યોગ) આદિ ૩ દીક્ષાર્થી સંતોને શ્વેત વસ્ત્રની સેવક સાધુની પાર્ષદી દીક્ષા આપવામાં આવી. દીક્ષાધારણ વિધિ અંતર્ગત સદ્‌ગુરુ સાધુઓ પૂ. અરુણદાદાએ કંઠી, પૂ. હર્ષદદાદાએ પૂજા, પૂ. રતિકાકાએ શાલ, પૂ. મનોજદાસજીએ માળા, પૂ. અશ્વિનદાદાએ અનુપમ સંતનો બેજ અને ગુરુહરિ સંતભગવંત સાહેબજીએ ગુરુમંત્ર, પૂ. નિર્મળ સ્વામીએ પુષ્પ તથા પૂ. દિનકરભાઈ અને પૂ. ભરતભાઈએ પ્રસાદ અર્પણ કર્યાં.

ત્યારબાદ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી સભામાં ઉપસ્થિત સૌનાં સ્વાગત કર્યાં અને આ પ્રસંગે હાજર રહી ઉત્સવ શોભાડવા બદલ ધન્યતા વ્યક્ત કરી. પૂ. મનોજદાસજીએ નૂતન દીક્ષાર્થી સંતોનાં કૌશલ્યો, અભ્યાસ અને સેવાવિભાગની માહિતી આપી, તેઓ સૌની સમર્પણભક્તિને બિરદાવી.

સતીશભાઈ ચતવાણીએ પ્રાસંગિક પ્રવચન કરી સંતભગવંત સાહેબજીની સામર્થી, ગુણાતીત અવસ્થા અને ગુરુભક્તિની અદ્‌ભુત વાતો કરી. સાધુ પૂ. સરજુદાસજીએ સૌ નૂતન સંતો વતી પ્રાસંગિક ધન્યભાવ અને ગુરુહરિ સાહેબજી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી વંદના ધરી. ત્યારબાદ પૂ. નિર્મળ સ્વામીજીએ આશીર્વાદ વરસાવી ગુરુદેવ યોગીજી મહારાજ અને તેઓના લાડીલા યુવાન જશુભાઈ સાહેબ સાથેના દિવ્ય સંબંધની સ્મૃતિ કરી મહિમા ગાયો.


ગુણાતીત સમાજની વિવિધ સંસ્થાઓના સંતો-ભક્તો દ્વારા સંતભગવંત સાહેબજીને હાર અર્પણ-ભાવવંદન !



પ્રાસંગિક ઉદ્‌બોધન : સાધુ પૂ. સરજુદાસજી

અંતે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પ્રદાન કર્યા અને પ્રભુના કાર્યમાં હોમાઈ જનાર સૌ નૂતન સંતો પર અત્યંત પ્રસન્નતા વરસાવી અને સાધુતા શોભાડવા વિનમ્રભાવ, દાસભાવ રાખી પ્રભુના કાર્યમાં જોડાવાની સમજ આપી. આ પ્રસંગે ગુણાતીત સમાજની વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ, અનુપમ મિશનનાં



પ્રાસંગિક ઉદ્‌બોધન : સતીશભાઈ ચતવાણી




નૂતન દીક્ષાર્થી સંતો દ્વારા સંતભગવંત સાહેબજીને ચિત્રપ્રતિમા સ્વરૂપે પ્રાર્થના-ભાવ અર્પણ



આશીર્દાન : સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી



આશીર્દાન : પરમ પૂજ્ય નિર્મળ સ્વામીજી



આશીર્દાન : સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા



આશીર્દાન : ગુરુહરિ સંતભગવંત સાહેબજી



પોષીપૂર્ણિમાના પાવન અવસરે સભામાં ઉપસ્થિત સંત બહેનોઅને અક્ષરમુક્તો



પોષીપૂર્ણિમાના પાવન અવસરે સભામાં ઉપસ્થિત સંતો અને અક્ષરમુક્તો

વિવિધ કેન્દ્રોના અક્ષરમુકતોએ પુષ્પહાર, ભેટ અર્પણ કરી સંતભગવંત સાહેબજીને હૃદયવંદના અર્પણ કરી. સમર્પણભાવના અનેરા પવિત્ર પરિમલનો અંતરે અનુભવ કરી ધન્યતા સાથે સૌ વિસર્જિત થયાં. ◆

માહાત્મ્યદર્શન સભાના બીજા સત્રમાં સાંજે સૌ કોઈ મહિમાસાગરમાં ભીનાં થવાં ફરી સભામાં એકત્ર થયાં. પ્રારંભે સભાસંચાલક સાધુ પૂ. સરજુદાસજીએ પ્રાસંગિક મહિમા ગાયો. ત્યારબાદ અનુપમ મિશન, યુ.એસ.એ.ના પ્રમુખ ડૉ. જિતુભાઈ પટેલે મહિમાગાન કરી આજ્ઞાપાલન, પ્રાપ્તિનો કેફ અને મહિમાસભર સેવાની અનિવાર્યતાની સુંદર વાતો કરી. નૂતન સાધુ પૂ. હાર્દિકદાસજીના પિતાશ્રી દિવ્યેશભાઈ ચપલાએ સૌ સમર્પિત સંતોનાં પરિવારજનો વતી ધન્યભાવ વ્યક્ત કર્યા અને દીકરાઓને સ્વીકારી, સાધુતાના માર્ગે આગળ લેવા બદલ સંતભગવંત સાહેબજીનો અંતરથી આભાર માન્યો. ત્યારબાદ સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ રૂડાં માર્ગદર્શન આપ્યાં. શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના ગુરુ પાસે માંગેલાં વરદાન, સંતો-ભક્તોને આપેલો મહામંત્ર, શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો દીક્ષા પ્રસંગ, ‘વચનામૃત’ અને ‘શિક્ષાપત્રી’ની ભેટ તથા સદાકાળ આ પૃથ્વી પર પ્રગટ રહેવાના આશીર્વાદ સહિત વિવિધ મહિમા પ્રસંગો તથા શ્રી ગુણાતીતાનંદ સ્વામીના સાધુતાના પ્રસંગો વર્ણવી તેના આધ્યાત્મિક અર્થ સમજાવ્યા. શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષાના અભૂતપૂર્વ મહિમા ગાઈને તેઓએ પ્રગટ ગુરુહરિ પ્રત્યે નિષ્ઠા કેળવી જાગ્રતતાપૂર્વક જીવન જીવવાનું હૃદયસ્પર્શી માર્ગદર્શન આપ્યું. ઉત્સવમાં પધારેલ સૌએ દિવ્ય આધ્યાત્મિક લાભ મેળવી ધન્યતાનો અનુભવ કર્યો. અંતે ઉત્સવમાં પ્રગટ થયેલ આધ્યાત્મિકભાવના સૌનાં જીવનમાં વહેતી થાય તે માટે સૌએ ધૂન કરી અને અંતરના આવા આનંદને લઈ સૌ વિસર્જિત થયાં. ◆



મહિમાગાન : ડૉ. જિતુભાઈ પટેલ



મહિમાગાન : દિવ્યેશભાઈ ચપલા